ગાંધીનગર સમાચાર

ફાઈટ ઓફ સેન્ચ્યુરીમાં મેવેદરનો રોમાંચક વિજય

લાસવેગામાં બન્ને બોક્સર વચ્ચે ૩૬ મિનિટ સુધી જંગ ખેલાયો : સતત ૪૮મી મેચ જીતવામાં મેવેદર સફળ

લાસવેગાસ,તા. ૩

અમેરિકાના લાસવેગાસના એમડીએમ ગ્રાન્ડ મરીના ખાતે આજે યોજાયેલા બોક્સિંગના ઈતિહાસના સૌથી મોઘાં અને સૌથી મોટા મુકાબલામાં અમેરિકાના ફ્લોયડ મેવેદર જુનિયરે ફિલિપાઈન્સના મૈની પેક્વેને હાર આપીને ઈતિહાસ સર્જ્યો હતો. આની સાથે જ મેવેદરે સતત ૪૮મી મેચ જીતી લીધી હતી. આશરે બે હજાર કરોડ રૂપિયાના આ મહામુકાબલાને લઈને વિશ્વના દેશો પહેલાથી રોમાંચિત હતા. મેવેદરે પેક્વેને ચાર પોઈન્ટથી હરાવીને શતાબ્દીનો ચેમ્પિયન બની ગયો હતો. ફાઈટ ઓફ ધ સેન્ચુરી જીતી મેવેદરે ઈતિહાસ રચતા તેના કરોડો ચાહકોમાં પણ ખુશીનુ મોજુ ફરી વળ્યુ હતુ. મેવેદરને ૧૧૬ પોઈન્ટ મળ્યા હતા. જ્યારે પેક્વેને ૧૧૨ પોઈન્ટ મળ્યા હતા. પેક્વેને ધુળ ચટાડી દેવા બદલ મેવેદરને ૧૧૪૧ કરોડની અભૂતપૂર્વ રકમ મળી હતી. જ્યારે મૈની પેક્વેને ૭૬૧ કરોડની રકમ મળી હતી. ૧૨મા રાઉન્ડમાં ચાર પોઈન્ટની લીડ મેળવી લીધા બાદ મેવેદરને ચેમ્પિયન તરીકે જાહેર કરવામાં આવ્યો હતો. મેવેદર આ મેચ ૧૧૮-૧૧૦, ૧૧૬-૧૧૨ અને ૧૧૬-૧૧૨થી જીતીને મેવેદર સદીનો સૌથી મોટો ખેલાડી બની ગયો હતો. અમેરિકાના આ ખેલાડીએ છેલ્લી ૪૭ મેચો સતત જીતી હતી. આજે ૪૮મી મેચ જીતી લીધી હતી. પેક્વેએ ભવ્ય રમત રમી હોવા છતાં તેની હાર થઈ હતી. ખાસ બાબત એ હતી કે બન્ને બોક્સરને મળનાર રકમ પહેલાથી જ નક્કી હતી

બન્ને ખેલાડીના હારવા અથવા તો જીતવાથી તેમને મળનાર રકમ પર કોઈ અસર થનાર ન હતી. જો કે બેલ્ટ જીતવા બદલ મેવેદરને પ્રતિષ્ઠિત બેલ્ટ મળ્યું હતુ. ઈનામ તરીકે આ બેલ્ટ આપવામાં આવ્યું છ. જેમાં ૬.૩૪ કરોડના હિરા લાગેલા છે. આ મેચને આશરે ૧૬ હજારથી વધારે લોકોએ નિહાળી હતી. જેમાં કેટલીક સેલિબ્રીટી પણ સામેલ છે. લાસવેગાસના એમજીએમ ગ્રાન્ડ એરિનામાં બન્ને બોક્સર વચ્ચે ૩૬ મિનિટ સુધી જંગ ખેલાયો હતો. બોક્સિંગના ઈતિહાસમાં સૌથી મોટી અને સૌથી મોંઘી ફાઈટ આજે સવારે અમેરિકાના એમજીએમ ગ્રાન્ડ એરિનામાં યોજાઈ હતી. ફિલિપાઈન્સના મૈની પેક્વે અને અમેરિકાના ફ્લાઈડ મેવેદર જુનિયર વચ્ચે મહામુકાબલો થયો હતો. જેમાં મેવેદરે ધારણા પ્રમાણે બાજી મારી લીધી હતી.મૈની પેક્વે મેવેદરને હાર આપનાર દુનિયાનો પ્રથમ બોક્સર બની શક્યો ન હતો. આ ટક્કરથી બન્ને બોક્સરની આવકમાં અબજો રૂપિયાનો વધારો થયો હતો. મેચને લઈને ચાહકોમાં ભારે ઉત્સાહ પહેલાથી જ જોવા મળી રહ્યો હતો. મેચના ૫૦૦ ટિકિટ જે સામાન્ય ચાહકો માટે રાખવામાં આવી હતી તે માત્ર ૬૦ સેકન્ડમાં વેચાઈ ગઈ હતી. વિશ્વની સૌથી મોટી ફાઈટ પર અબજો રૂપિયા દાવ પર લાગેલો હતો. મેચ દરમિયાન પેક્વે દ્વારા જે શર્ટસ પહેરાવામાં આવ્યો હતો.તેના પર અડધા ડઝનથી વધારે કંપનીઓના લોગો લાગેલા હતા. આ લોગોથી પેક્વેને ૧૫.૮૩ કરોડ રૂપિયા મળનાર છે. મેવેદરે હજુ સુધી ક્યારેય કોઈ મેચ હારી નથી. તે આજની મેચ પહેલા ૪૭ મેચો જીતી ચુક્યો હતો. રોકીના રેકોર્ડ સુધી પહોંચવાની મેવેદરને તક રહેલી છે. પ્રોફેશનલ બોક્સિંગના ઈતિહાસમાં કોઈ પણ મેચ હાર્યા વગર સૌથી વધારે મેચ જીતવાનો રેકોર્ડ રોકી માર્સિયાનોના નામ પર છે. જે ૧૯૪૮થી ૧૯૫૬ વચ્ચેના ગાળામાં સતત ૪૯ મેચો જીતી ગયો હતો. રિકીઓ છ વખત વર્લ્ડ હેવિવેટ તાજને જાળવી રાખવામાં સફળતા મેળવી હતી.

બંને બોક્સરની રોચક વાત

ચેમ્પિયન મેવેદર

- મેવેદરને રામે નુડલ્સ સુપ સૌથી વધારે પસંદ છે
- ફાઈવ સ્ટાર હોટલમાં જમવાનું પસંદ નથી
- બ્રાટ પીટ અભિનિત ટ્રોય ફિલ્મ મેવેદરની પસંદગીની ફિલ્મ
- ટ્રોય ફિલ્મ મેવેદર અનેક વખત નિહાળી ચુક્યો છે
- મેવેદર જ્યારે પણ ડીનર પર જાય છે ત્યારે હંમેશા ગરમ પાણીના ગ્લાસ માટેનો ઓર્ડર આપે છે
- માઈક્રોવેવમાં બનેલી ચીજો પસંદ કરતો નથી
- સ્ટવ અને ઓવનમાં તૈયાર થયેલી ચીજવસ્તુઓ જ ખાવાનું પસંદ કરે છે
- દરરોજ સરેરાશ ૧૦૦૦ સીટઅપ કરે છે

મૈની પેક્વે

- મૈની પેક્વેને મોટાભાગે વ્હાઈટ રાઈસ અને ચીકન પસંદ છે
- પેક્વે હંમેશા ગરમ પાણી પીવે છે
- ક્યારે પણ ઠંડુ પાણી પીતો નથી
- ઠંડા પાણીના મામલે તે માને છે કે તે હેલ્થી નથી
- ટ્રેનિંગ કેમ્પ દરમિયાન રોજ ૨૫૦૦ સીટઅપ કરે છે
- પાંચ વખત ભોજન કરે છે અને દરરોજ ૮૦૦૦ કેલોરી ખાઈ જાય છે
- વજન અને એનર્જીને વધારવા માટે જંગી ભોજન
- પેક્વેની સાથે લોસએન્જલસમાં મોર્નિંગ દોડમાં નિયમિતપણે ૫૦૦ ચાહકો પણ જોડાય છે
- ફિલિપાઈન્સની સેનાના રિઝર્વ ફોર્સમાં તે લેફ્ટી કર્નલ છે

ત્રાસવાદી લખવીના મુદ્દાને ઉઠાવવા યુએનની ખાતરી

સંયુક્ત રાષ્ટ્ર,તા. ૩

મુંબઈ હુમલાના માસ્ટર માઈન્ડ જાકી ઉર રહેમાન લખવીના મુદ્દાને યોગ્ય રીતે હાથ ધરવાની ખાતરી ભારતને સંયુક્ત રાષ્ટ્ર દ્વારા આપવામાં આવી છે. લશ્કરે તોઈબાના કમાન્ડર લખવીને હાલમાં જ પાકિસ્તાની જેલમાંથી મુક્ત કરવામાં આવ્યો હતો. વૈશ્વિક સંસ્થાની જોગવાઈનો ભંગ કરીને તેને પાકિસ્તાની જેલમાંથી છોડી મુકવામાં આવ્યો હતો. ભારત તરફથી જોરદાર રજૂઆત કરવામાં આવ્યા બાદ સંયુક્ત રાષ્ટ્રની સમિતિએ ખાતરી આપી છે કે, લખવીના મામલાને આગામી બેઠકમાં ઉઠાવવામાં આવશે. સંયુક્ત રાષ્ટ્રના ભારતના રાજદૂત અશોક મુખરજીએ પત્ર લખીને આ મુદ્દે જાણ કરી હતી. ભારતે એવું ધ્યાન પણ દોર્યું હતું કે, લિસ્ટેડ ત્રાસવાદી લખવીને કોઈપણ પ્રકારના નાણા મળવા જોઈએ નહીં. કારણ કે તેની તમામ સંપત્તિ અને નાણાંકીય સંશાધનો ફ્રીઝ કરવામાં આવી ચુક્યા છે.

લખવી માટે રાખવામાં આવેલી કોઈપણ રકમ મંજુર કરાયેલી કમિટિની જોગવાઈના ભંગ સમાન છે. કારણ કે તે એક લિસ્ટેડ આતંકવાદી છે. કમિટિની આગામી બેઠક આગામી થોડાક દિવસમાં યોજાય તેવી શક્યતા છે. આ બેઠકમાં લખવીના મુદ્દાને રજૂ કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, કમિટિએ ઘણા આતંકવાદી સંગઠનોના લીડરો ઉપર પ્રતિબંધ મુક્યો છે. સાથે સાથે તેમની સંપત્તિને ફ્રીજ પણ કરવામાં આવી છે. લિસ્ટેડ આતંકવાદી તરીકે લખવીની સંપત્તિ ફ્રીજ કરવામાં આવી છે, પ્રવાસ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે સાથે સાથે શસ્ત્ર પ્રતિબંધ પણ મુકવામાં આવ્યો છે. છેલ્લા થોડાક વર્ષોમાં લખવીએ તોઈબાની આતંકવાદી ગતિવિધિમાં મહત્વની ભૂમિકા અદા કરી છે. અલકાયદા તરફથી જંગી નાણા પણ મેળવ્યા છે. તે અફઘાનિસ્તાનમાં ટ્રેનિંગ કેમ્પ પણ ચલાવી રહ્યો છે. લખવીની મુક્તિને લઈને અમેરિકા, બ્રિટન, રશિયા, ફ્રાંસ, જર્મની દ્વારા પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી છે.

નેપાળ ભૂકંપ : મૃતાંક વધી ૭૦૦૦થી પણ ઉપર

કાઠમાન્ડુ,તા. ૩

નેપાળમાંવિનાશકારી ભૂંકપ બાદ મોતનો આંકડો આજે વધીને ૭૦૦૦ના આંકડાને પાર કરીને ૭૦૪૦ સુધી પહોંચી ગયો હતો.જ્યારે ઘાયલ લોકોની સંખ્યા ૧૪૧૨૩ સુધી પહોંચી ગયો છે. ગયા શનિવારે ભૂંકપ આવ્યાને આઠ દિવસનો સમય હવે થઈ ગયો હોવા છતાં મૃતદેહો હાથ લાગી રહ્યા છે. માર્યા ગયેલા લોકોમાં ઓછામાં ઓછા ૩૮ ભારતીય સહિત ૫૪ વિદેશી લોકોનો સમાવેશ થાય છે. જ્યારે ૧૦ ભારતીય સહિત ૪૮ વિદેશી ઘાયલ પણ થયા છે. બીજી બાજુ ગયા શનિવારના ભૂકંપ બાદ હજુ પણ હજારો લોકો લાપતા થયેલા છે. બચાવ અને રાહત કામગીરી હજુ પણ યુદ્ધના ધોરણે ચાલી રહી છે પરંતુ હવે કોઈ જીવિત લોકો મળે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. આજે પણ બચાવ અને રાહત કામગીરી જારી રહી હતી. ઘાયલ લોકોની સંખ્યા ૧૪૦૦૦થી ઉપર પહોંચી ગઈ છે. ભૂંકપના કારણે નેપાળમાં ૮૦ લાખ લોકો અસરગ્રસ્ત થયા છે. લાપતા થયેલા લોકોની સંખ્યા હજુ એક હજાર જેટલી છે. દુરગામી વિસ્તારોમાં બચાવ ટીમ હજુ પહોંચી શકી નથી. વિશ્વના ૨૦થી વધુ દેશો બચાવ કામમાં લાગેલા છે. કાટમાળ હેઠળથી મૃતદેહો હાથ લાગી રહ્યા છે. મોતનો આંકડો હવે વધી ૭૦૪૦થી ઉપર પહોંચી ચુક્યો છે.જ્યારે મોટી સંખ્યામાં લોકો હજુ લાપતા હોવાના અહેવાલ મળી રહ્યા છે. ગયા શનિવારના દિવસે વિનાશકારી ભૂંકપ બાદ આજે યથાવતરીતે બચાવ અને રાહત કામગીરી જારી રહી હતી. બીજી બાજુ નેપાળ સરકારની કટોકટીના સમયમાં નબળી કામગીરીથી સામાન્ય લોકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. હજારો લોકો સંઘર્ષ કરી રહ્યા છે. હજુ સેંકડો લોકો કાટમાળ હેઠળ દટાયેળા છે. આ તમામ લોકો જીવિત નિકળે તેવી શક્યતા હવે ઓછી દેખાઈ રહી છે. જો કે શનિવારના ભૂંકપ બાદ બચાવ અને રાહત કામગીરી તમામ જગ્યાએ યુદ્ધના ધોરણે જારી છે. અનેક કાટમાળમાં ફેરવાઈ ગયેલી ઈમારતો સુધી બચાવ અને રાહત ટુકડી પહોંચી શકી નથી. કાટમાળ હેઠળ મોટી સંખ્યામાં લોકો હોઈ શકે છે. પાટનગર કાઠમાડુ સહિત તમામ ભૂંકપગ્રસ્ત વિસ્તારોમાં બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે જારી છે. છેલ્લા ૮૦ વર્ષના સૌથી વિનાશકારી ભૂંકપ બાદ લોકોમાં વ્યાપક ફફડાટ ફેલાયેલો છે. ગયા શનિવારે આવેલા ભૂંકપનુ કેન્દ્ર કાઠમાન્ડુથી ઉત્તરપશ્ચિમમાં આશરે ૮૦ કિલોમીટરના અંતરે સ્થિત લામજુગમાં હતુ. નેપાળમાં ૭.૮ની તીવ્રતાના ભૂંકપ બાદ હજુ સુધી ૪.૫થી વધુ તીવ્રતા સાથેના ઓછામાં ઓછા ૧૨૦ આંચકા આવી ચુક્યા છે. નેપાળમાં ભૂંકપ બાદ કલાકોના ગાળામાં જ નેપાળના મોટા ભાગના ઐતિહાસિક સ્થળો કાટમાળમાં ફેરવાઈ ગયા હતા. સેના, પોલીસ અને ઈમરજન્સી સેવાના કર્મચારીઓ કાટમાળમાં ફસાયેલા લોકોને બહાર કાઢવા અને તેમને હોસ્પિટલમાં પહોંચાડી દેવામાં લાગેલા છે. ગયા શનિવારે પ્રથમ આંચકો પ્રથમ ૭.૮ની તીવ્રતાનો અનુભવયા બાદ પણ એક પછી એક ઉંચી તીવ્રતાના આફ્ટરશોક્સનો દોર જારી રહ્યો હતો. સેંકડો ઈમારતો પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ ગઈ હતી. નેપાળના ઈતિહાસમાં આ ભૂકંપને સૌથી વિનાશકારી ભૂકંપ તરીકે ગણવામાં આવે છે. નેપાળમાં દૂરસંચાર અને વિજળી સેવા સંપૂર્ણપણે ઠપ થઈ ગઈ હતી. ગયા શનિવારે સવારે ૧૧.૪૧ વાગે અને ૧૨-૧૯ વાગે એમ બે વખત પ્રચંડ ભૂકંપ આવતા ભારે નુકસાન થયું હતુ. નેપાળમાં સ્થિતીને સામાન્ય બનાવવામાં હજુ લાંબો સમય લાગી શકે છે. કારણ કે ભારે નુકસાન થયું છે. બીજી બાજુ દુરસંચાર અને વીઝળીની સેવા ફરી શરૂ કરવાના પ્રયાસો ચારે બાજુ ચાલી રહ્યા છે પરંતુ તેમાં પણ સંપૂર્ણ સફળતા હજુ સુધી મળી નથી.

સાઇબર ક્રાઇમ રોકવા જાપાનની મદદ લેવાશે

નવી દિલ્હી,તા. ૩

દેશના જુદા જુદા ભાગોમાં હાલમાં સાઈબર ક્રાઈમમાં વધારો થઈ રહ્યો છે ત્યારે આ પ્રકારના ગુનાઓને રોકવા માટે ભારતે હવે જાપાનની મદદ માંગી છે. ઈન્ટરનેટ જાસુસી, સાઈબર ત્રાસવાદ અને પર્સનલ અને ખાસ ડેટાની ચોરી કરવા જેવા સાઈબર ગુનાઓને રોકવા અને સાઈબર ગુનેગારોને સકંજામાં લેવા માટે ભારતે જાપાનની સહાયતા માંગી છે. ગયા સપ્તાહમાં જ ટેલિકોમ મંત્રાલય અને ડિપાર્ટમેન્ટ ઓફ ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજીના અધિકારીઓએ જાપાનના વેપાર પ્રતિનિધીમંડળ સાથે વાતચીત કરી હતી. બન્ને પક્ષોએ સાઈબર ક્રાઈમને રોકવા માટે સાથે મળીને કામ કરી શકાય છે કે કેમ તે અંગે ચર્ચા કરી હતી. ખાસ કરીને ટેકનોલોજીના મામલે વાતચીત કરી હતી. હેકર્સોની પ્રવૃતિને રોકવા અને નેટવર્કિંગ ઘુસણખોરીને રોકવાના મામલે ચર્ચા કરવામાં આવી હતી. સંબંધિત ટેકનોલોજી ઉપરાંત ભારતના સાયબર સુરક્ષા કાયદાના મામલે પણ ચર્ચા કરવામાં આવી હતી. તાજેતરના સમયમાં સાઈબર ગુનાઓનુ પ્રમાણ એકાએક વધી ગયું છે.

અતીતથી આજ (પાના નં. ૪ નું ચાલુ)

સંભવતઃ એટલે જ ગુજરાતના પ્રતિષ્ઠિત અને સમાજમાં માન ધરાવતા ૧૦૧ વર્ષના નિવૃત્ત આઈએએસ અધિકારી શ્રી વસંતભાઈ આર. મહેતાએ વેદનાના સૂરમાં કહેવું પડ્યું: ''આજના અધિકારીઓ શાસકોના યસ-મૅન બન્યા છે.'' સૌરાષ્ટ્ર રાજ્યમાં મુખ્યમંત્રી ઉછરંગરાય ઢેબર સાથે સ્વમાનભેર કાર્યરત રહેનાર વી.આર. મહેતાનું યોગદાન પણ ઘણું મોટું છે. ૧૯૫૨થી '૭૨ લગી એમણે સનદી સેવા (આઈએએસ)માં કામ કર્યા પછી આયુર્વેદ યુનિવર્સિટી અને કૃષિ યુનિવર્સિટીના કુલપતિ તરીકે સેવાઓ આપી છે.

૧૦૧ વર્ષના મહેતા સુપેરે જાણે છે કે રાજકીય નેતાગીરીને અનુકૂળ રહીને કામ નહીં કરનાર સનદી અધિકારીઓના હાલ કેવા થાય છે. એલ.આર. દલાલ જેવા અધિકારી સાથેના મુખ્યમંત્રી ચીમનભાઈ પટેલ સહિતના શાસકોના વ્યવહાર છતાં ગુજરાતના વિકાસમાં યોગદાન આપનારાઓમાં દલાલ જેવા આઈસીએસ અધિકારીનો ઉલ્લેખ કરવાનું એ ચુકતા નથી. 'સનદી સેવાનાં સંભારણાં' નામક આત્મકથાનક લખનાર દલાલ અનેક અધિકારીઓ માટે પ્રેરણારૂપ બન્યા હતા. સદી વટાવી ચૂકેલા મહેતા કહે છે: 'એક સમય હતો કે કોઈ પણ સમસ્યા હોય, તે કલેકટરથી આગળ જતી જ નહીં. (એ કલેકટરના સ્તરે જ ઉકેલાઈ જતી). આજે વાત વાતમાં રાજકારણીઓ અને પ્રધાનો આવે છે. સનદી અધિકારીઓ રાજકારણીઓના કહ્યાગરા બની રહ્યા છે.' સનદી અધિકારીઓએ સ્વહિત કરતાં રાષ્ટ્રનાં હિતને અગ્રિમ ગણવાના શપથ લીધા હોય છે, પરંતુ ક્યારેક લાલુ પ્રસાદના રાજમાં તેમની સિગરેટ સળગાવનારા કે બૂટની દોરી બાંધી આપનારા અધિકારીઓ અંગે વિરોધ દર્શાવી હિંદુસ્તાની આંદોલનના નેજા હેઠળ આંદોલન જગાડનારા જનરલ એસ.કે. સિંહા આજના યુગમાં પણ આવી પરંપરાને અખંડ જોઈને કેટલા વ્યથિત થતા હશે એ કલ્પવું મુશ્કેલ નથી.

હાલમાં નિષ્ફળતા મળ્યા બાદ અનુષ્કા આશાવાદી

અનુષ્કાની બોમ્બે વેલવેટ ૧૫ મેના દિવસે રજૂ થશે

મુંબઈ,તા. ૩

અભિનેત્રી અનુષ્કા શર્મા અને રણબીર કપુર અભિનિતિ બોમ્બે વેલવેટ ૧૫મી મે ૨૦૧૫ના દિવસે દેશભરમાં રજૂ કરવામાં આવનાર છે. આ ફિલમ એક બોક્સરની પટકથા છે. અનુષ્કા શર્મા માટે હાલનો સમય સારો રહ્યો છે. એકબાજુ તેની આમીર ખાન સાથેની ફિલ્મ પીકે બોક્સ ઓફિસ પર હજુ સુધીની સૌથી મોટી ફિલ્મ સાબિત થઈ ચુકી છે. તેની પાસે અન્ય એક મોટી ફિલ્મ બોમ્બે વેલવેટ છે. જે હવે રજૂ કરવામાં આવનાર છે. આ ફિલ્મનુ શુટિંગ પણ પૂર્ણ કરી લેવામાં આવ્યું છે. આ ફિલ્મ ૯૦ કરોડના જંગી બજેટ સાથે તૈયાર કરવામાં આવી છે. જેમાં તેની સાથે રણબીર કપુર જોવા મળનાર છે. રણબીર યુવા પેઢીમાં સૌથી લોકપ્રિય સ્ટાર તરીકે રહ્યો છે. આવી સ્થિતીમાં તેની બે ફિલ્મો હવે હિટ થવાની શક્યતા છે. બોમ્બે વેલવેટમાં તેની સાથે વિતેલા વર્ષોની સ્ટાર અભિનેત્રી રવિના ટંડન પણ જોવા મળનાર છે. પ્રાપ્ત અહેવાલ અભિનેત્રી અને નિર્માત્રી અનુષ્કા શર્માએ પોતાની ફિલ્મ બોમ્બે વેટવેટનું શૂટિંગ પરિપૂર્ણ કરી લેવામાં આવ્યું છે. આ ફિલ્મ બોક્સર જહોની બલરાજ અને ગાયિકા વચ્ચેની પ્રેમ સ્ટોરી પર આધારિત ફિલ્મ છે. ફિલ્મનુ શુટિંગ જુલાઈ ૨૦૧૩માં શરૂ કરાયું હતું. જે સપ્ટેમ્બર ૨૦૧૩ સુધી ચાલ્યું હતુ. ફિલ્મનુ છેલ્લુ શુટિંગ ૧૦ દિવસ સુધી ચાલ્યું હતુ. અનુષ્કા શર્મા અનેરણબીરની કેમેસ્ટ્રી જોરદાર ચર્ચા જગાવી શકે છે.

રણબીર કપુરની છેલ્લે રોય ફિલ્મ રજૂ કરવામાં આવી હતી. જે બોક્સ ઓફિસ પર સરેરાશ દેખાવ કરી શકી હતી. પરંતુ તે હજુ પણ યુવ પેઢીમાં સૌથી લોકપ્રિય સ્ટાર તરીકે છે.



સંસદમાં કોંગ્રેસ સાથે હાથ મિલાવાશે : યેચુરીનો મત

નવીદિલ્હી,તા. ૩

જમીન બિલ અને બિનસાંપ્રદાયિક વાદ જેવા મુદ્દાઓ ઉપર સંસદમાં કોંગ્રેસની સાથે મળીને મોદી સરકારને ભીંસમાં લેવા માટે સીપીઆઈએમ તૈયાર છે પરંતુ રાષ્ટ્રીય મોરચા અથવા તો ગઠબંધનના કોઈપણ હિસ્સા તરીકે કામ કરવાનો સીપીઆઈએમે ઈન્કાર કરી દીધો છે. પાર્ટીના નવા ચૂંટાયેલા જનરલ સેક્રેટરી સીતારામ યેચુરીએ કબૂલાત કરી હતી કે, બિહારમાં આગામી વિધાનસભાની ચૂંટણી ભાજપ વિરોધી પરિબળો માટે પણ લિટમસ ટેસ્ટ સમાન રહેશે. જનતા પરિવારના મર્જરની અસર કેવી થાય છે તે બાબત મહત્વપૂર્ણ રહેશે. ત્યારબાદ જ નવી વ્યૂહરચના તૈયાર કરવામાં આવશે. સીપીઆઈએમના નેતાએ કહ્યું હતું કે, જમીન અધિગ્રહણ બિલને લઈને કોંગ્રેસનો સાથ આપવામાં આવશે.

વિમા અને પેન્શન સ્કીમના લોંચની તૈયારી શરૂ કરાઈ

નવીદિલ્હી,તા. ૩

મહત્વકાંક્ષી જનધન સ્કીમની જેમ જ વડાપ્રધાન નરેન્દ્ર મોદી હવે ૯મી મેના દિવસે કોલકાતામાં સોશિયલ સિક્યુરિટી ઈન્સ્યોરન્સ અને પેન્શન સ્કીમ લોંચ કરશે જ્યારે અન્ય પ્રધાનો જુદા જુદા શહેરોમાં આ સ્કીમ લોંચ કરશે. ફાયનાન્સિયલ સર્વિસ સેક્રેટરી હસમુખ અડિયાએ કહ્યું હતું કે, જુદા જુદા રાજ્યોમાં એક સાથે કાર્યક્રમો યોજવામાં આવશે. મુખ્યમંત્રીઓ અને કેબિનેટ પ્રધાનો ભાગ લેશે. જનધન સ્કીમની જેમ જ આ સ્કીમ રહેશે. ઓછા સમયમાં મહત્તમ જાગૃતિ જગાવવાના પ્રયાસ કરવામાં આવશે. તેમણે એમ પણ કહ્યું હતું કે, વિમા અને પેન્શન સ્કીમ માટે નોંધણી વડાપ્રધાને આ સ્કીમ લોન્ચ કર્યા બાદ શરૂ થશે. વિમા છત્ર પહેલી જૂનથી અમલી બનશે. બેંક ખાતા સાથે આ સ્કીમ જોડાયેલી રહેશે. પ્રિમિયમ ઓટો ડેબિટેડ રહેશે. નાણામંત્રીઓ દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, મોદી દ્વારા લોંચ કરવામાં આવેલી આ સ્કીમનો હેતુ સામાજિક સુરક્ષાના મામલામાં લોકોને સુવિધા આપવાનો છે. બેંક ખાતામાંથી ઓટો ડેબિટ સુવિધા ઉભી કરવામાં આવશે. આ સ્કીમની નાણામંત્રી અરુણ જેટલીએ ૨૮મી ફેબ્રુઆરીના દિવસે બજેટમાં જાહેરાત કરી હતી. પ્રધાનમંત્રી સુરક્ષા વિમા યોજના અને પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વિમા યોજના શરૂ કરવામાં આવનાર છે. આ સ્કીમ અકસ્માતના કારણે વિકલાંગતા અથવા તો મોતના કેસમાં વિમા છત્ર ઉપલબ્ધ કરાવશે. પેન્શન સ્કીમ અટલ પેન્શન યોજનામાં વયોવૃદ્ધની આવક સુરક્ષાની જરૂરિયાતને ધ્યાનમાં લેશે. જીવન જ્યોતિ વિમા યોજના તથા અન્ય યોજનાઓ ખુબ ઉપયોગી સાબિત થશે. જાહેર ક્ષેત્રની વિમા કંપનીઓ અથવા તો અન્ય સામાન્ય વિમા કંપનીઓ મારફતે આ સ્કીમ શરૂ કરવામાં આવશે.

આઇએએસને એક સપ્તાહથી વધારે સમય સસ્પેન્ડ ન રાખી શકાય

નવીદિલ્હી,તા. ૩

કેન્દ્રમાં મોદી સરકાર દ્વારા આખરી ઓપ આપવામાં આવેલા નવા નિયમો મુજબ હવે એક આઇએએસ અને આઈપીએસ અધિકારીને એક સપ્તાહથી વધુ સમય સુધી સસ્પેન્ડ રાખી શકાશે નહી. રાજ્ય સરકારની સમીક્ષા સમીતિની પ્રાથમિક મંજૂરી હશે તો જ અધિકારીને એક સપ્તાહથી વધુ સમય સુધી સસ્પેન્ડ રાખી શકાશે. ઉપરાંત રાજ્ય સરકારોને ઓલ ઈન્ડિયા સર્વિસ ઓફિસર આઈએએસ, ઇઈપીએસ અને આઈએફઓએસના અધિકારીને સસ્પેન્ડ કરવા અંગે ૪૮ કલાકની અંદર કેન્દ્રને માહિતી આપવી પડશે. જો નવા નિયમોને અમલી બનાવી દેવામાં આવશે તો રાજ્ય સરકારોને કઠોર નિયમોને પાળવા પડશે. કેન્દ્રમાં મોદી સરકારની આ હિલચાલને કુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. કારણ કે નાગરિક કર્મચારીઓ વતી પક્ષપાતીરીતે અધિકારીઓને સસ્પેન્ડ કરવાની પ્રક્રિયાને રોકવા અને રાજ્ય સરકારોદ્વારા અધિકારીઓની બદલીને રોકવા માટે રજૂઆત કરવામાં આવી રહી હતી. કેન્દ્ર સરકાર દ્વારા આ બનાવની ગંભીર નોંધ લેવામાં આવી છે. કેટલાક અધિકારીઓ પક્ષપાતીરીતે ટ્રાન્સફર અને સસ્પેન્ડ થવાનો શિકાર થઈ ચુક્યા છે. જેમાં અશોક ખેમકા, દુર્ગા શક્તિ નાગપાલ અને કુલદીપ નારાયણનો સમાવેશ થાય છે. મંત્રાલયને આ સંબંધમાં શ્રેણીબદ્ધ રજૂઆત કરવામાં આવી હતી. મુસદ્દા મુજબ એક સપ્તાહથી વધુ સમય સુધી સસ્પેન્સન ચાલુ રાખવા માટે નવા બિલમાં જુદી જોગવાઈ છે. આમા સંબંધિત સરકારને કેન્દ્રીય સમીક્ષા સમિતિ અથવા તો સિવિલ સર્વિસ બોર્ડની ભલામણો મેળવવાની રહેશે. સંબંધિત મંત્રાલયમાં સેક્રેટરીના નેતૃત્વમાં સમીક્ષા સમિતિ રહેશે. નવા નિયમમાં રાજ્ય સરકારો માટે કેટલીક બાબતો ફરજિયાત બનાવવામાં આવી છે. ૩૦ દિવસની અંદર આઈએએસ, આઈપીએસ અને આઈએફઓએસ અધિકારીના કેન્દ્ર પાસેથી સસ્પેન્સ ઓર્ડરની ખાતરી કરવાની રહેશે.

વર્ષ ૨૦૧૬ સુધી દિપીકા પાસે બિલકુલ સમય નથી

મુંબઈ,તા. ૩

અભિનેત્રી દિપિકા પાસે હાલ નવી ફિલ્મ કરવા માટે બિલકુલ સમય નથી. જેથી દિપિકા નવી ફિલ્મો ખુબ સાવધાનીપૂર્વક સ્વીકારી રહી છે. કારણ કે તે વર્ષ ૨૦૧૬ સુધીની તારીખની ફિલ્મો સ્વીકારી ચુકી છે. તાજેતરમાં રજૂ થયેલી ફિલ્મ હેપ્પી ન્યુ યર પણ બોક્સ ઓફિસ પર સૌથી સફળ ફિલ્મ રહી હતી. આ ફિલ્મમા તેની સાથે શાહરૂખખાનની ભૂમિકા હતી. દિપિકાની વધતી લોકપ્રિયતાનો લાભ લેવા માટે હવે નિર્માતા નિર્દેશક ભારે ઉત્સુક બન્યા છે. આગામી દિવસોમાં તે એકતા કપુરની ફિલ્મમાં કામ કરે તેવી શક્યતા છે. દિપિકાની બે ફિલ્મો ચેન્નાઈ એક્સપ્રેસ અને હેપ્પી ન્યુય યર સતત બે ફિલ્મો ૨૦૦ કરોડની કમાણી કરવામાં સફળ રહી છે. એકતા કપુર હવે ટુંક સમયમાં ફિલ્મ બનાવી રહ્યા છે. આની જાહેરાત ટુંક સમયમાં કરવામાં આવી શકે છે. એવા અહેવાલ મળ્યા છે કે એકતા કપુર પ્રોડક્સન હાઉસ દ્વારા હવે ઓફર કરવામાં આવે તેવી શક્યતા છે.